શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય,
ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર
ખાતેની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
ઠરાવ ક્ર: અયદ/૧૦૨૦૧૮/એસ.એફ.એસ.-૧૧/છ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-2 8 MAY 2019.

વંચાણે લીધા:-

(૧) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૦૯/૦૫/૨૦૧૭નો ઠરાવ ક્રમાંક: અયદ/૧૦૨૦૧૬/ન.બા.-૩૪/છ.

(૨) આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગનો તા.૧૫/૦૨/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક: અયદ/૧૦૨૦૧૮/એસ.એફ.એસ.-૧૧/છ.

(૩) નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગરની તા.૦૮/૦૩/૨૦૧૯ની દરખાસ્ત.

**પ્રસ્તાવના:-**

ઉપરોક્ત સંદર્ભમાં દર્શાવેલ ક્રમાંક-(૧) ના ઠરાવથી શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર ખાતે કુલ-૨૫ જગ્યાઓનું નવું મહેકમ મંજૂર કરવામાં આવેલ છે. નિયામકશ્રી, 'આયુષ' (આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિધ્ધા અને હોમિયોપેથી), ગુજરાત રાજય, ગાંધીનગર દ્વારા સંદર્ભ-(૩)થી શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની કુલ-૨૫ હંગામી જગ્યાઓને આગામી વર્ષ તા.૦૧/૦૩/૨૦૧૯ થી તા.૨૯/૦૨/૨૦૨૦ સુધી ચાલુ રાખવા માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેના અનુસંધાને આ વિભાગ દ્વારા તા.૧૫/૦૨/૨૦૧૯ના સંદર્ભે-(૨) પરના ઠરાવથી કૂલ-૨૫ જગ્યાઓ પૈકી ૧૨ જગ્યાઓને તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીચાલુ રાખવામાં આવેલ હતી. અને ૧૩ જગ્યાઓને એબેયન્સમાં મુકવામાં આવેલ હતી, અલબત્ત એબેયન્સમાં મુકવામાં આવેલ આ ૧૩ જગ્યાઓ પૈકી કૂલ-૦૮ જગ્યાઓ માટે જાહેરાત આપેલ જે તા.૦૯/૦૧/૨૦૧૯ના રોજ ઈન્ટરવ્યુ યોજી તા.૧૯/૦૧/૨૦૧૯ના રોજ ઉમેદવારો ફરજ પર હાજર થયેલ છે.જેથી શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની આ ૦૮ જગ્યાઓને પુનઃ જીવિત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પુખ્ત વિચારણાને અંતે શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરની ખાતેની નીચેના પત્રક મુજબની કૂલ-૦૮ હંગામી જગ્યાઓને પુનઃ જીવિત કરવામાં આવે છે.

પત્રક

| ક્રમ | સંવર્ગનું નામ | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧. | મેડિકલ ઓફિસર, વર્ગ-૨ | ૦૪ |
| ૨. | યોગ નિષ્ણાત, વર્ગ-૩ | ૦૧ |
| ૩. | લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ-૩ | ૦૧ |
| ૪. | એક્સ-રે ટેકનીશીયન, વર્ગ-૩ | ૦૧ |
| ૫. | મીડ વાઈફ, વર્ગ-૩ | ૦૧ |
| | કૂલ જગ્યાઓ | ૦૮ |

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૦૫/૦૫/૨૦૧૯ની નોંધથી આપવામાં આવેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આઈ.ડી.ચૌધરી)
ઉપ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, આયુષ(આયુર્વેદ, યોગા અને નેચરોપેથી, યુનાની, સિદ્ધા અને હોમિયોપેથી), ગુજરાત રાજ્ય, ૧/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર-૩૮૨૦૧૦
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- નાણા સલાહકારશ્રી (આરોગ્ય), આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જામનગર (મારફત નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગર.)
- આચાર્યશ્રી, શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર(મારફત નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગર.)
- જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી, જામનગર (મારફત નિયામકશ્રી, આયુષની કચેરી, ગાંધીનગર.)
- સિસ્ટમ મેનેજરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ ઠરાવની નકલ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવા સારૂં.
- શાખા પસંદગી ફાઇલ-૨૦૧૯